# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૯/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરમાં કેરીયર ગાઇડન્સ મહોત્સવના આઠમા દિવસે વિદ્યાર્થીઓને ફેશન ડિઝાઇનીંગ અને ડાયમંડ એન્ડ જવેલરી ક્ષેત્રે કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન અપાયુ

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ છે. મહોત્સવના આઠમા દિવસે સુરત એપેરલ એકેડમીના ગારમેન્ટ કન્સલ્ટન્ટ એન્ડ પ્રોપ્રાઇટર ડો. બંદના ભટ્ટાચાર્યએ 'ફેશન ડિઝાઇનીગ' અને ઇન્ડીયન ડાયમંડ ઇન્સ્ટીટયુટ સુરતના ડેપ્યુટી ડાયરેકટર શ્રી હિતેશ વર્માએ 'ડાયમંડ એન્ડ જવેલરી ક્ષેત્ર'માં રહેલી કારકિર્દીની તકો વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

ડો. બંદના ભટ્ટાચાર્યએ ફેશન ડિઝાઇનીગમાં એજયુકેશન, સ્ટાઈલીગ અને ગારમેન્ટીગ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, ફેશન ડિઝાઇનીગ કોર્સ કરીને ઘરેથી જ કામ શરૂ કરી શકાય છે. વિદ્યાર્થીઓ આ કોર્સ કરીને ઉદ્યોગ સાહસિક બની શકે છે. પોતાનો બિઝનેસ સેટ થઇ ગયા બાદ પોતાની બુટીક શરૂ કરી શકે છે. સુરતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી વિકાસના પંથે છે અને ૧૫૦ જેટલી ગારમેન્ટ ફેકટરીઓ કાર્યરત છે. આ ફેકટરીઓમાં ફેશન ડિઝાઇનર, ડિઝાઇનર અને કવોલિટી કન્ટ્રોલર એક્ષપર્ટની જરૂર પડે છે. ફેશન ડિઝાઇનીગનો કોર્સ કરીને વિદ્યાર્થીઓને સુરતમાં જ ગારમેન્ટ ફેકટરીઓમાં નોકરી મળી રહેશે. આ ફિલ્ડમાં અત્યારે એટલી સ્પર્ધા પણ નથી.

શ્રી હિતેશ વર્માએ ડાયમંડ એન્ડ જવેલરી ક્ષેત્રમાં રહેલી કારકિર્દીની તકો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી જેની ડિમાન્ડ છે એવા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની સલાહ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, એક સર્વે મુજબ આ ક્ષેત્રમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં નોકરીની વિપુલ તકો રહેલી છે. વિદેશમાંથી આપણે ગોલ્ડ અને રફ ડાયમંડની આયાત કરીએ છીએ. ત્યારબાદ એમાં જુદી–જુદી પ્રોસેસ કરીને વેલ્યુ એડીશન કરીને વેચીએ છીએ અને એકસપોર્ટ કરીએ છીએ. રફ ડાયમંડને સોર્ટીંગ, પ્લાનીગ એન્ડ માર્કીગ, કોમ્પ્યુટરાઇઝ એનાલિસિસ, બ્રુટીગ, પોલીશીગ અને જવેલરીમાં ડિઝાઇનીગ સુધીની તમામ પ્રોસેસમાં નોકરીની વિપુલ તકો રહેલી છે.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી નિખિલ મદ્રાસીએ પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાંતોએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઇડન્સ મહોત્સવના આઠમા દિવસનું સમાપન થયુ હતુ.